## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઇ

*15/4/39 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ, | (૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર નીચે મુજબની રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| ૧ | નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ | રૂ. ૫૬૩૨૧.૦૦ લાખ |
| ૨ | નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ | રૂ. ૬૬૯૭૨.૯૪ લાખ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવી: |

| | | |
|---|---|---|
| ૧ | નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ | રૂ. ૬૦૦૩૯.૪૯ લાખ |
| ૨ | નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ | રૂ. ૭૭૫૨૯.૨૬ લાખ |

(૩) ઉકત ફાળવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

(૩) ૧. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે : વપરાયેલ રકમ રૂ. ૫૯૯૨૮.૩૫ લાખ તથા વણવપરાયેલ રકમ રૂ. ૧૧૧.૧૪ લાખ

વર્ષ ૨૦૨૧-૨૨ માં વણવપરાયેલી રકમના કારણો :

- ભરતી પ્રક્રીયા પૂર્ણ ન થવાના કારણે તેમજ Covide-19 ના કારણે રજા પ્રવાસ રાહતમાં ઓછા કર્મચારીએ દરખાસ્ત કરેલ હોઇ ઓછો ખર્ચ થયેલ છે.

૨. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે : વપરાયેલ રકમ રૂ. ૭૫૩૧૫.૦૦ લાખ તથા વણવપરાયેલ રકમ રૂ. ૨૨૧૪.૨૬ લાખ

વર્ષ ૨૦૨૨ -૨૩ માં વણવપરાયેલી રકમના કારણો :

- ૬૭ આઇ.સી.ટી ઓફીસરની સ્પીપા પરીક્ષા બાકી હોવાથી નિયમિત નિમણૂક થઇ શકી ન હોઇ એરિઅર્સ ચૂકવી શકાયા ન હતા.
- જરૂરી સાધનો મેળવવા માટે SOC ને રૂ. ૮૪૩.૦૦ લાખની રકમ મંજુર કરવામાં આવી હતી જેનું વર્ષ દરમિયાન સંપાદન પૂર્ણ થઇ શક્યુ ન હતું.